GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY
(Gujarat Vepari Mahamandal)
Shri Ambica Mills-Gujarat Chamber Bldg., P.B.No.4045,
Ashram Road, Ahmedabad-380009
Fax No.: 079-26587992/Tele. No.: 079-26582301/2/3/4
Email: gcci@gujaratchamber.org Website: www.gujaratchamber.org

# Press Note

21 સપ્ટેમ્બર , 2019

આજ રોજ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ અને ઈન્ડસ્ટ્રી ના ઉપક્રમે ભારત ના બંધારણ માં થી કલમ 370 અને 35 (A) ની નાબુદી અંગેના નિર્ણય થી જમ્મુ કાશ્મીરમાં વેપાર-ઉદ્યોગ ની નવી તકો વિશે ભારત સરકાર ના કેમિકલ અને ફર્ટિલાઇઝર વિભાગ ના માનનીય મંત્રી શ્રી મનસુખ માંડવીયા દ્વારા સંબોધન નું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ ની શરૂઆત GCCI ના પ્રમુખ શ્રી દુર્ગેશભાઈ બુચ ના આવકાર પ્રવચન થી થઈ હતી. તેમણે જમ્મૂ-કાશ્મીર માં ગુજરાત ના મહાજનોનું પ્રતિનિધિત્વ થાય તેવી લાગણી વ્યક્ત કરી હતી.

માનનીય મંત્રીશ્રી મનસુખભાઈએ તેમના વક્તવ્ય માં જણાવ્યું હતું કે આચાર્ય ચાણક્ય મુજબ કોઈ પણ રાજ્ય ને સમૃદ્ધ થવું હોય તો તેમાં મહાજન નો મોટો ફાળો જોઈએ. આ ઉપદેશને ધ્યાનમાં રાખી ભારત સરકાર મહાજનોના વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે અને વિવિધ રાજ્યોમાં મહાજનો સાથે મીટિંગનું આયોજન કરેલ છે અને તેના ભાગરૂપે GCCI સાથે ની મંત્રીપદ સ્વીકાર્યા બાદની આ તેમની બીજી મીટીંગ છે તેવું તેમને જણાવેલ.

વધુ માં માનનીય મંત્રીશ્રીએ ભારત ની પ્રાચીન સંસ્કૃતિ વિશે વાત કરતા જણાવ્યું કે ભારત હંમેશા થી ઉદ્યોગ અને વાણિજ્ય ક્ષેત્રમાં અગ્રેસર રહ્યું છે. તેમને ઉમેર્યું કે નાના-નાના પ્રયત્નો થી પણ મોટું પરિવર્તન શક્ય છે અને તેમને એવી આશા વ્યક્ત કરી હતી કે મહાજનોના પ્રયત્નો થી કાશ્મીર માં પણ વિકાસ થઈ શકશે.

માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે ભારત માં પારદર્શક લોકશાહી અને સુદ્રઢ ન્યાયપ્રક્રિયાના ફળ સ્વરૂપે ચીન અને અન્ય દેશો માંથી ઉદ્યોગો ભારત માં આવવા પ્રેરિત થયા છે.જેના કારણે આવનાર સમય માં અનેક નવી તકો ઉદ્ભવશે. તેમણે ઉમેર્યુ કે હવે વૈશ્વિક નિતિઓ ઘડવામાં ભારત દેશ મહત્વ નો ભાગ ભજવે છે.

ભારત ના અર્થતંત્ર ને વેગ આપવાના ઉદેશથી હાલ ના સમયમાં સરકાર દ્વારા જે નિર્ણયો લેવામાં આવ્યા છે તે અંગે માહિતી આપતા તેમણે જણાવ્યું કે માનનીય નાણાં મંત્રીશ્રીએ જાહેર કરેલ નવી નીતિ પ્રમાણે MSME ને ૧:૪ ના પ્રમાણ માં ફરજીયાત લૉન આપવામાં આવશે.

વધુમાં મંત્રીશ્રીએ કેન્દ્ર સરકાર અંગેના વેપાર ઉધોગોના કોઇપણ પ્રશ્નો અંગે સંપુર્ણ સહકાર આપવા ની ખાતરી આપી હતી.

આ કાર્યક્રમ માં વેપાર ઉધોગના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યકામના અંતમાં GCCI ના સિનિયર ઉપ-પ્રમુખ શ્રી નટુભાઈ પટેલ દ્વારા આભાર વિધિ સંપન્ન કરવામાં આવી હતી.

---

Editor/Chief Reporter/Commercial Editor/Bureau Chief/News Editor

For favour of publication,

**તન્મય મેહતા**
**સેક્રેટરી જનરલ**